## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, ખરુ થયું... આપણાં આ કાર્યકરને ગાંધી જયંતિ કાર્યક્રમ સત્યનાં પ્રયોગોમાં લઈ ગયો હતો ત્યાં આ ભાઈ ઉત્સાહમાં આવી પાર્ટીનું સત્ય બોલવા લાગ્યો હતો...!!**

# ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓમાં ગાંધી જયંતિની ઉજવણી

## સ્વચ્છતા રેલી, સ્વચ્છતા અભિયાન, પ્રભાતફેરી, સર્વધર્મ પ્રાર્થના, ગાંધી વિચારોનું વાંચન, ચિત્રસ્પર્ધા જેવા કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર આજે સાચા અર્થમાં ગાંધીમય બન્યું હતું. શહેરની શૈક્ષણિકથી માંડીને બિન શૈક્ષણિક તમામ સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. આ ઉજવણીમાં સ્વચ્છતા અભિયાન, ગાંધી વિચારોનું વાંચન, ચિત્રસ્પર્ધા, સ્વચ્છતારેલી વગેરેનુ આયોજન કરાયું હતું.

**● સરકારી વિજ્ઞાન કોલેજ, સે. ૧૫**

સેક્ટર-૧૫ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજમાં ૧૫૦મી ગાંધી જયંતિની ઉજવણીમાં 'મહાત્મા ગાંધી અને સ્વચ્છતા' થીમ આધારિત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીએસસી સેમ-૧, ૩ અને ૫ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સેમ-૫ના વિદ્યાર્થી રાકેશ દાફડા પ્રથમ ક્રમાંકે, સે. ૧ની વિદ્યાર્થીની વૈષ્ણવી ખલાસ અને સેમ.૧ની ધ્રુવી પટેલ દ્વિતિય ક્રમાંકે જ્યારે તૃતીય ક્રમાંકે સેમ-૫ના વિદ્યાર્થી ભાગ્યેશ ચાવડા, સેમ-૧ના વિદ્યાર્થી જયદીપ મકવાણા તેમજ અનુશા મૈત્રેય વિજેતા બન્યાં હતા. તમામ વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાયા સહિત સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

**● સરકારી વિનયન કોલેજ, સે. ૧૫**

સેક્ટર-૧૫ની સરકારી વિનયન કોલેજ ખાતે ગાંધી જયંતિની ઉજવણી માટે યોજાયેલા કાર્યક્રમમાં પ્રભાતફેરી, સર્વધર્મ પ્રાર્થના, મહાત્મા ગાંધી વિચારોનું વાંચન તથા ગાંધી પ્રિય ભજન-ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હિમ્મત ભાલોડિયાએ વિદ્યાર્થીઓને ગાંધીજી અને ગુજરાતના સંબંધ અંગે માહિતી પ્રદાન કરી હતી તેમજ જીવનમાં ગાંધી સંદેશ સ્વચ્છતાને અપનાવવા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા.




**● સી.એમ. પટેલ હાઈસ્કૂલ, સે. ૨૩**

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ હાઈસ્કૂલમાં ગાંધી જયંતિની ઉજવણીના ભાગરૂપે કેમ્પસમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. આ સાથે વિદ્યાર્થીઓએ સર્વ ધર્મ પ્રાર્થના કરી હતી અને ગાંધી વિચારોનું વાંચન તથા ગાંધી ગીતોનું ગાન કરાયું હતું. આ સાથે ગાંધીજીના પેન્સિલ સ્કેચ પણ વિદ્યાર્થીઓએ દોર્યા હતા. કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડૉ. ચેતના બુચ સહિત એલ.એસ. દેસાઈ, અશોકગીરી ગોસ્વામી અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



**● જય પ્રકાશ વિદ્યાલય, સે. ૨૬**

પૂ. બાપુની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સે. ૨૬ની જય પ્રકાશ વિદ્યાલયમાં વિવિધ કાર્યક્રમ યોજાયા હતા જેની શરૂઆત પ્રભાતફેરીથી થઈ હતી. ત્યારબાદ સર્વ ધર્મ પ્રાર્થના યોજાઈ હતી. આ ઉપરાંત ગાંધી વિચારોનું વાંચન કરવા સાથે પૂ. બાપુના સ્વચ્છતા, સ્વદેશી તથા ખાદીના ઉપયોગ દ્વારા ગ્રામ સ્વરાજ અને લોક ઉત્થાન અનંગે જાણકારી અપાઈ હતી. કાર્યક્રમનું આયોજન શંકરજી વિહોલ, અરૂણ પટેલ દ્વારા કરાયુ હતુ જેમાં અજિતસિંહ સોલંકીએ ગીતો ગાયા હતા.



**● મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ**

આજે પૂ. ગાંધી બાપુની ૧૫૦મી જન્મજયંતિએ દેશભરમાં સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હાંકલ કરી છે. ગાંધીનગરના પીપળજ ખાતેની મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં બાળકોએ સરકારના સ્વચ્છતા અભિયાનના લોગોની માનવ પ્રતિકૃતિ તૈયાર કરી હતી અને પૂ. બાપુના સ્વચ્છતાના સંદેશને જીવનમાં ઉતારવા નિશ્ચય કર્યો હતો.




**● પી.આર. ઠક્કર વિદ્યા વિહાર, મગોડી**

ગાંધીનગર તાલુકાના મગોડી ખાતે પી.આર. ઠક્કર વિદ્યાવિહાર દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી બાદ શાળા સંકુલમાં સ્વચ્છતા અભિયાન, ગાંધી વિચારોનું વાંચન, ગાંધી પ્રિય ભજનોનું સમુહગાન જેવા કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.



# છેતરપીંડીના ગુન્હાના નાસતા ફરતા બે આરોપી ઝડપાયા

ગાંધીનગર, તા.૨

વાડજ પોલીસ મથકની હદમાં કારની લે-વેચ બાબતે છેતરપીંડી કરી નાસતા ફરતા બે આરોપીઓને સેકટર-૫ પોતાના રહેણાંક મકાનમાંથી ગાંધીનગર એલસીબીની ટીમે ઝડપી પાડયા હતા અને વધુ તપાસ વાડજ પોલીસ મથકમાં સોંપવામાં આવી છે.

પોલીસ પાસેથી મળેલી વિગત અનુસાર શહેરના સેકટર-૫-બી પ્લોટ નં. ૧૪૮૩/૧ ખાતે જૈનુલ આબેદિન બસેરૂદ્દિન સૈયદ અને જલાલુદ્દિન બસેરૂદ્દિન સૈયદ બે સગા ભાઈઓ રહે છે થોડા સમય અગાઉ આ બંનો ભાઈઓએ વાડજ વિસ્તારમાં ગાડીની લે વેચ બાબતે રૂ. ૩.૫૦ લાખની છેતરપીંડી કરી હતી. આ બંને આરોપી ગુનો કરી લાંબા સમયથી નાસતા ફરતા હતા.




આ બંને આરોપી વિશે ગાંધીનગર એલસીબી ટીમને ખાનગી બાતમી મળી હતી કે આ બંને આરોપી સેકટર-૫ સ્થિત પોતાના મકાન ખાતે આવવાના છે. જે બાતમીના આધારે યજવેન્દ્રસિંહ, ધીરેન્દ્રસિંહ અને જયપાલસિંહે બાતમી સ્થળે જઈ બંનેને રહેણાંક મકાનમાંથી ઝડપી પાડયા હતા અને બંનેને વાડજ પોલીસ મથકને સોંપવામાં આવ્યા હતા.

# આજે બિરસામુંડાનું તૈલ ચિત્ર અનાવરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકર અને ક્રાંતિકારી આદિવાસી નેતા બિરસા મુંડાનું તૈલ ચિત્રનું અનાવરણ વિધિનો કાર્યક્રમ તા.૩ ઓકટોબરને બુધાવારના રોજ બપોરે ૧ કલાકે બ્લોક નં.૧ ૯મો માળ, ઓડીટોરીયમ હોલ નવા સચિવાલય ગાંધીનગર ખાતે યોજાશે. તૈલ ચિત્ર ઉદ્‌ઘાટક તેમજ સમારંભના અધ્યક્ષ તરીકે આદિજાતિ, વન અને પ્રવાસ વિભાગના મંત્રી ગણપતસિંહ વસાવા હાજર રહેશે.જયારે મુખ્ય મહેમાન તરીકે મંત્રી ઈશ્વરભાઈ પરમાર, મંત્રી રમણભાઈ પાટકર અને સંસદ સભ્ય ડો.કીરીટ સોલંકી ઉપસ્થિત રહેશે. તે ઉપરાંત ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા નવા સચિવાલયમાં ફરજ બજાવતા સેકશન અધિકારી વર્ગ-૨ માંથી ઉપ સચિવ વર્ગ-૧ માં બઢતી પામેલા અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિના અધિકારીઓનું બહુમાન કરવામાં આવશે. આ પ્રસંગે અધિકારી-કર્મચારીઓને મોટીસંખ્યામાં હાજર રહેવા ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળની કાર્યવાહક સમિતિના સભ્યો નરેન્દ્ર વોરા, કુંદન નાયક અને શૈલેષ કુમાર મજમુદાર દ્વારા અનુરોધ કરાયો છે.

# આમજા ખાતે સ્વાઈન ફ્લુ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર જિલ્લાના આમજાના સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું તથા હોમિયોપેથીક દવાઓનું વિતરણ યોજાયું હતું. આ કાર્યક્રમનું આયોજન આમજાના ઈન્ચાર્જ મેડિકલ ઓફિસર ડૉ. જયેશ પટેલ દ્વારા કરાયું હતું. જેમાં જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા જયેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતા.




ગાંધીનગર જિલ્લામાં આજથી નશાબંધી સપ્તાહની ઉજવણીનો આરંભ મધુર ડેરી ખાતેથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નશાબંધી વિભાગના સુનિલકુમાર, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, સ્વામિનારાયણ ગુરૂકુળ સ્કૂલના રામદાસ સ્વામી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડેરીના પ્રોક્યોરેમેન્ટ મેનેજર શ્રીમતિ હંસાબેને કર્યુ હતુ તે પ્રસંગની તસવીર.

# સે-૫ વસાહતીઓએ પડતર પ્રશ્નો અંગે રેલી યોજીને વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેકટર-૫ ના વર્ષોથી કેટલાક પડતર પ્રશ્નો છે. આ પડતર માંગણીઓ અંગે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા નિવેડો આવ્યો નથી. આજે વસાહતીઓએ સરકારના નકારાત્મક વલણ સામે ગાંધી જયંતિના દિવસે બગીચા ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન પ્રાર્થના, ધુન અને સુત્રોચ્ચાર કરી ધરણા પ્રદર્શીત કર્યા હતા.ત્યારબાદ વસાહતીઓ રેલી સ્વરુપે સેકટર-૫ના રીંગરોડ પર ફરી હતી. આ રેલી અને ધરણા કાર્યક્રમમાં સે-૫ વસાહત મહામંડળના હોદેદારો અને વસાહતી ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



સેકટર-૫ ના પડતર પ્રશ્નોમાં સરકારી દવાખાનું શરુ કરવું, સ્ટ્રીટ લાઈટો શરુ કરવી, દબાણ દુર કરવું, રંગમંચ, લગ્નવાડી, પોલીસ ચોકી, બાલવાડી, લાયબ્રેરીની સુવિધા ઉભી કરવી સહિતનો સમાવેશ થાય છે. જયારે સે-૫ વસાહત મંડળ પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા આગામી સમયમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવા વસાહતીઓને અપીલ કરી હતી. જયારે ગુજરાત સંકલન સમિતિના અધ્યક્ષ અને સે-૫ વસાહત અગ્રણી વિષ્ણુભાઈ પટેલ તેમજ ગીરીશ રાવલે આ અભિયાનને ટેકો જાહેર કરીને નાયબ મુખ્યમંત્રીને મળી એક વિસ્તૃત પ્રશ્નો સાથેનું આવેદન પત્ર આપવાનું જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે મહામંત્રી નરેશ પરમારે હાજર રહેલા વસાહતીઓનો આભાર વ્યકત કર્યો હતો.

# ખેલમહાકુંભ અંતર્ગત છાલા હાઈસ્કૂલ ખાતે વૉલીબોલ-શૂટીંગબોલની સ્પર્ધા યોજાઈ

ચિલોડા, તા. ૨

તાલુકાના છાલા કે.એમ.શાહ હાઈસ્કૂલ ખાતે ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત વૉલીબોલ-ભાઈ-બહેનો તથા શુટીંગબોલની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં કેળવણી મંડળના પ્રમુખ એમ.બી. પટેલ મંત્રી ચેલાભાઈ પટેલ તથા કારોબારી સભ્યો હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું. રમતગમતના ક્ષેત્રને વધુ પ્રાધાન્ય આપી પહેલુ સુખ જાતે નર્યા ઉક્તિને સાર્થક કરવા અનુરોધ કર્યો હતો. શાળાના આચાર્ય આર.એસ. ચૌધરીએ મહેમાનોને આવકારી શુભકામના પાઠવી હતી.

આ સ્પર્ધામાં ૬૫૦ જેટલા ખેલાડીઓએ ૫૫ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં વોલીબોલ ઓપન વિભાગ ભાઈઓમાં છાલાની ટીમ પ્રથમ ક્રમે, બહેનોની ટીમ બીજા ક્રમે રહી હતી. અંડર-૧૭માં છાલાની ટીમ પ્રથમ ક્રમે રહી હતી.

સમગ્ર સ્પર્ધાનું સફળ આયોજન છાલા ગામના સરપંચ શ્રીમતી ચંચળબેન પટેલ સહિત સમગ્ર શાળા પરિવારે ખૂબજ જહેમત ઉઠાવી હતી.



છાલાની વિજેતા ટીમને રમતગમતના કોચ દિપકભાઈ શુકલએ સઘન તાલીમ આપી વિજેતા થવા બદલ કેળવણીમંડળે અભિનંદન પાઠવ્યા હતા. શૂટીંગબોલ સ્પર્ધામાં ઈન્ફોસીટી ટીમ પ્રથમક્રમે સીલીકોન વેલી યુવા બીજા ક્રમે વિજેતા બની હતી.

# પેથાપુર સ્થિત સ્વર્ગ સ્વપ્ર ફ્લેટ ખાતે ફ્રી નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨

પેથાપુર ખાતે આવેલી સ્વર્ગ સ્વપ્ર ફ્લેટ સ્વપ્રવીલા ૧,૨,૩ તથા મહાલક્ષ્મી ફ્લેટ વિસ્તારમાં નારાયણ મલ્ટી સ્પેશીયાલીસ્ટ હોસ્પીટલ અમદાવાદ દ્વારા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિષ્ણાંત તબીબી દ્વારા ડાયાબીટીસ, બી.પી., ઈ.સી.જી., બ્લડ ટેસ્ટ તથા બોડી ચેક-અપ કરવામાં આવ્યું હતું. નારાયણ હોસ્પિટલના ડૉ. દુમિલ કાચા, ડૉ. જીતેન્દ્ર પટેલ તથા તેમનો સ્ટાફ હાજર રહ્યા હતા. આ કેમ્પમાં સોસાયટીના ૪૦૦ નાગરિકોએ ખાસ લાભ લીધો હતો.




## લો, બોલો... ગાંધી જયંતિની ઉજવણીના હોર્ડિંગ્સ પર ગાંધી બાપુ જ ગાયબ..!!!

આજે ગાંધી જયંતિએ સરકારી આયોજનોમાં મોટા દેખાડાં અને ભારે ખર્ચા સાથે કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતા, પરંતુ આ બધી ઝાકમઝોળ પાછળ હકીકતમાં વૈશ્વિક વિભૂતિ સમાન મહામાનવ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પ્રત્યે નેતાઓ કે અધિકારીઓને કેટલો આદર છે તે આ હોર્ડિંગ્સ પરથી જણાઈ આવે છે. ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ પાર્ક ખાતે આયોજિત સરકારી કાર્યક્રમમાં લગાડાયેલા આ મસ મોટા બેનરમાં ક્યાંય ગાંધીજી જ નથી દેખાતાં બોલો..!!!



સ્વચ્છતા અભિયાન : ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરના હરિગુરુ અને ભાવકો દ્વારા મંદિરની આસપાસ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ હતું. સવાર અને સાંજે અભિયાનમાં મંદિરનો તમામ વિસ્તાર ચોખ્ખો કરી દેવાયો હતો. સાચ્ચે જ સ્વચ્છતા ત્યાં પ્રભુતા..ને ચરિતાર્થ કર્યુ હતું.

# સરકારી સ્પર્ધાત્મક પરીક્ષામાં જીટીયુને દુર રાખો : એનએસયુઆઈ

ગાંધીનગર, તા.૨

જીટીયુની સ્થાપના વર્ષ ૨૦૦૮ માં કરવામાં આવી હતી. ત્યારબાદ જીટીયુની કામગીરી વર્ષ ૨૦૧૨ દરમિયાન ખુબ જ પ્રશંસનીય કામગીરી કરી છે.પરંતુ વર્ષ ૨૦૧૨ બાદ જીટીયુને વિવિધ વર્ગની સરકારી સ્પર્ધાત્મક પરિક્ષાના આયોજન આપવામાં આવ્યા હતા. એટકે કે છ વર્ષના ટુંકાગાળામાં જીટીયુના પરિણામમાં મોટો ઘટોડો નોંધાયો છે. અને જીટીયુના પરિણામમાં પણ મોટા છબરડા બહાર આવેલા છે.એનએસયુઆઈને મળતી માહિતી મુજબ જીટીયુ દ્વારા જે સરકારી પરિક્ષા લેવામાં આવે છે તેમાં જીટીયુના ઉચ્ચ અધિકારીઓને લાખો રૂપીયા મળે છે, કર્મચારીઓને હજ્જારો તેમજ આ રૂપીયાનો આંકડો તેમના પગાર કરતા પણ બે થી ત્રણ ઘણો થાય છે, તેવો આક્ષેપ એનએસયુઆઈ દ્વારા કરાયો છે. જયારે જીટીયુમાં આવવા માટે કેટલાક અધિકારીઓ તલપાપડ થઈ રહ્યા છે અને પોતાની ઓળખાણ દોડાવી રહ્યા છે. જયારે જીટીયુમાં ફરજ બજાવી રહેલા ૪ જેટલા અધિકારીઓએ છેલ્લા ૬ વર્ષમાં લાખો રૂપીયા ઘર ભેગા કર્યા છે. તો બીજી તરફ અધિકારીઓએ પોતાના બે નંબરના રૂપીયાનું રોકાણ ગાંધીનગર શહેરમાં પ્લોટ, ફલેટ, દુકાન, ખેતીમાં કર્યુ હોય તેમ એનએસયુઆઈના કાર્યકરોને લાગી રહ્યું છે. સરકારી વિવિધ વર્ગની પરિક્ષા અને પરિણામના કથળેલા સ્તર અંગે જીટીયુ જ જવાબદાર છે. આગામી સરકારી પરિક્ષાની કામગીરીથી જીટીયુને દુર રાખવામાં આવે તેવી માંગ ગુજરાત એનએસયુઆઈના પ્રવકતા સુધીર રાવલ અને એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી અમિત પારેખ દ્વારા કરવામાં આવી છે. જો સરકાર દ્વારા તેમ નહીં કરવામાં આવે તો જીટીયુ સામે એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.



ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીજીની વિધાનસભા ખાતે આવેલ પ્રતિમાએ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી તે પ્રસંગે લેવાયેલ તસવીર.